ભારતની ડિજિટલ ઋણ ક્રાંતિ: UPIથી ULI સુધી

૨૦૧૬માં જ્યારે UPIની શરૂઆત કરવામાં આવી હતી ત્યારે ખૂબ ઓછા લોકો અનુમાન કરી શકતા હતા કે, કેવી રીતે તે ભારતના નાણાકીય ક્ષેત્રની સંપૂર્ણ તસવીર બદલી નાખશે. શરૂઆતમાં તે નાણાંને ટ્રાન્સફર કરતી એક બેઝિક સુવિધા હતી, જે હવે ગ્લોબલ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ બની ગઈ છે, જે ગ્રાહકોની વર્તણૂંકને નવું સ્વરૂપ આપી રહી છે, નવા વ્યવસાયોની સુવિધા આપી રહી છે અને નાણાકીય સમાવેશ ઝડપી બનાવી રહી છે. UPI ડિજિટાઈઝિંગ પેમેન્ટથી આગળ વધી ગઈ છે; જેને વૈશ્વિક, આંતર-કાર્યક્ષમ અને ત્વરિત બનાવે છે.

ભારત અત્યારે ધીરાણ ક્ષેત્રમાં આવા જ પ્રકારની ઉત્ક્રાંતિમાંથી પસાર થવાની તૈયારીમાં છે. ઉદાહરણ તરીકે, ડિજિટલ સુધારાઓ છતાં, ધીરાણ એકંદરે ધીમું, ક્ષુટુંછવાયું અને દસ્તાવેજો ઉપર આધારિત રહ્યું છે. લાખો સૂક્ષ્મ-ઉદ્યમીઓ, ગિગ કામદારો, ખેડૂતો અને પ્રથમ વખત ઋણધારકોએ મુશ્કેલી ઋણની માંગ નથી પરંતુ તેમની વિશ્વસનીયતા દર્શાવવા માટે એકલ, વિશ્વસનીય રીતનો અભાવ છે. આ સમગ્ર પરિસ્થિતિમાં પ્રસ્તાવિત યુનિફાઇડ લેન્ડિંગ ઇન્ટરફેસ (ULI) દ્વારા ક્રાંતિકારી ફેરફાર લાવી શકાય છે.

જેમ UPIને પેમેન્ટ માટે ડિઝાઈન કરવામાં આવેલું છે તેવી જ રીતે ULIને ધીરાણ માટે કોમન ડિજિટલ લેયર તરીકે ડિઝાઈન કરવામાં આવી રહ્યું છે. આ વિચાર સીધો અને સરળ છે: દરેક ઋણધારક એકલ, સંમતિ-આધારિત, પોર્ટેબલ ક્રેડિટ ઓળખ ધરાવવા માટે સક્ષમ હોવો જોઈએ જેનો ઉપયોગ કોઈપણ ધીરાણકર્તા રિયલ ટાઈમ ઋણધારકની ધીરાણ શાખનું આકલન કરવા માટે ઉપયોગ કરી શકે. માત્ર પરંપરાગત બ્યુરો ડેટા ઉપર જ આધાર રાખવાના બદલે, ધીરાણકર્તાઓ ટ્રાન્ઝેક્શન, GST ફાઈલિંગ, ખાતાઓના સંકલિત ડેટા, યુટિલિટી પેમેન્ટ અને જમીન રેકોર્ડ જેવા બહુવિધ સ્રોતોમાંથી પ્રમાણિત કરાયેલી માહિતી મેળવી શકે છે. પરંપરાગત ધીરાણમાં અગાઉ જોવા ન મળેલી કોઈ વ્યક્તિ તેમના ડિજિટલ ફૂટપ્રિન્ટના કારણે જોવા મળી શકે છે જે તેમની ધીરાણ શાખની વિશ્વસનીયતાનું પ્રતિબિંબ રજૂ કરે છે.

આ પરિવર્તન ટ્રાન્સપોર્ટેશન અને લોજિસ્ટિક જેવા ક્ષેત્રોમાં વિશેષપણે મહત્ત્વપૂર્ણ છે, જ્યાં મોટી સંખ્યામાં ગ્રાહકો સ્વરોજગાર ધરાવે છે. ચાલો એક ટ્રક ડ્રાઈવર અથવા નાના વાહનોના કાફલાના માલિક તરફ નજર કરીએ જે ખૂબ જ સારો પેમેન્ટ ઈતિહાસ ધરાવે છે, તેમછતાં મર્યાદિત દ્વરૂઝ છે. આજે, ભારે માંગના સમયમાં ટોપ-અપ લોન મેળવવા માટે વારંવાર ધક્કા ખાવા પડે છે અને પેપરવર્કનું પુનરાવર્તન કરવું પડે છે, ભલે તેમની જરૂરિયાત ટાયર બદલવા, સામાન્ય રિપેરિંગ કરવા અને ઈંધણમાં વધારો કરવા જેવી માત્ર ટૂંકા-ગાળાની કાર્યકારી મુડીની હોય છે. ULI તેમના UPI, FASTag, ટોલ ચુકવણીઓ અને GST સાથે સંકળાયેલી ટ્રિપનો ઉપયોગ કરીને ગ્રાહકોની વ્યવસાય પ્રવૃત્તિઓમાં પ્રમાણિત થયેલી માહિતીનો ઉપયોગ કરી શકે છે. દિવસો સુધી રાહ જોવાના બદલે ડ્રાઈવર તે જ દિવસે, કેટલીક વખત તો તે જ કલાકમાં કાર્યકારી મુડી લોન મેળવી શકે છે, જે તેમને જ્યારે ખૂબ જ જરૂરી હોય ત્યારે તેમના વાહનને રસ્તા ઉપર રાખવામાં મદદ કરે છે.

આવા વ્યવહારું સુધારાઓ સમાન રીતે નાના ગ્રામીણ ઉદ્યમીઓ માટે પણ મહત્ત્વપૂર્ણ છે. ખેડૂત જે ડિજિટલ રીતે તેમના ઉત્પાદનનું વેચાણ કરે છે અથવા તેમના બેંક ખાતામાં સબસિડી મેળવે છે તે તેમની ધીરાણશાખ પ્રદર્શિત કરવા માટે મોટા ભાગના કિસ્સાઓમાં પર્યાપ્ત નાણાકીય પ્રવૃત્તિઓ ધરાવે છે. તેમ છતાં, તેઓ જમીનની માલિકીની ખરાઈ, સબસિડીના રેકોર્ડ અથવા જુદા-જુદા સ્થળોએ છૂટાછવાયાં બેંક સ્ટેટમેન્ટના કારણે લાંબા વિલંબનો સામનો કરે છે. ULIની ભૂમિકા આ તમામ માહિતીને એકસ્થાને એકત્રિત કરીને તેની ખાતરી કરવાની છે કે ખેડૂત જે એક સમયે મંજૂરી માટે સપ્તાહોની રાહ જોતો હતો તે માત્ર થોડી મિનિટોમાં જ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી શકે.

આ ડિજિટલ ક્રેડિટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર નિર્માણ પામેલી ક્રેડિટ લાઈન ઓન UPI (CLOU) જેવી પહેલો પહેલેથી જ તે બાબત પ્રદર્શિત કરી રહી છે કે કેવી રીતે રોજબરોજના વ્યવહારો સાથે ધીરાણને સંકલિત કરી શકાય છે. સપ્ટેમ્બર, ૨૦૨૩માં ભારતીય રિઝર્વ બેંક દ્વારા રજૂ કરાયેલી CLOU સુવિધા બેંકને UPI મારફતે સીધી જ પૂર્વ-મંજૂર ધીરાણ વિગતો ઉપલબ્ધ કરાવે છે, જે ઋણધારકોને વ્યવહારના સમયે તરત જ ભંડોળ મેળવવા માટે સક્ષમ બનાવે છે. નાનો વ્યવસાય ચલાવી રહેલા અથવા અનિયમિત આવકન ધરાવતી કોઈ વ્યક્તિ માટે આ સુવિધાનો અર્થ વિલંબ અને પરંપરાગત લોનના દસ્તાવેજીકરણની ઝંઝટ વગર આજે ખરીદી કરવાનો અને બાદમાં સુવિધાયુક્ત રીતે ચુકવણી કરવાનો છે. CLOUને વિશેષપણે શક્તિશાળી UPI ઈકોસિસ્ટમ સાથે તેની સુગ્રથિતતા શક્તિશાળી બનાવે છે જેનો ઉપયોગ લાખો લોકો રોજિંદા ધોરણે કરે છે.

એક સુક્ષ્મ-ઉદ્યમી જે ચીજ-વસ્તુઓની ખરીદી કરી રહ્યો છે, ગીગ કામદાર જે તાત્કાલિક ખર્ચાઓ ચુકવી રહ્યો છે અથવા નાનો વેપારી જે રોકડ પ્રવાહ સંભાળી રહ્યો છે તે હવે સરળ UPI વ્યવહાર મારફતે પૂર્વ-મંજૂર ધીરાણ મેળવી શકે છે. ક્રેડિટલાઈન ચુકવણીની જેમ જ કામ કરે છે, સિવાય કે તેમાં ભંડોળ બેંક બેલેન્સના બદલે પૂર્વ-મંજૂર લિમિટમાંથી પ્રાપ્ત થાય છે. પરત ચુકવણી મોટાભાગે સમાન ઈન્ટરફેસ મારફતે જ થાય છે. જે મોટાભાગે સુવિધાયુક્ત સમયમાં હોય છે જે ઋણધારકની આવકની પેટર્ન સાથે સંકળાયેલું હોય છે. આ મોડલ વિશેષપણે તેવા ક્ષેત્રો માટે સુસંગત છે જે પરંપરાગત રીતે ધીરાણ સુવિધાઓથી વંચિત રહેલા છે. CLOU પ્રવર્તમાન UPI ટ્રાન્ઝેક્શન ડેટાનો મહત્તમ લાભ ઉઠાવતું હોવાથી, ધીરાણકર્તાઓ જોખમોનું વધુ સચોટ રીતે આકલન કરી શકે છે અને પરંપરાગત ક્રેડિટ સ્કોરનો અભાવ ધરાવતાં વ્યક્તિઓને પણ ધીરાણ પુરું પાડી શકે છે. તે તેવી વ્યક્તિઓને ક્રેડિટ કાર્ડની સુવિધા પુરી પાડે છે જેઓ તેના માટે ક્યારેય પાત્રતા ધરાવતાં નહોતા, અને સાથે સાથે પારદર્શિતા, ઓછો ખર્ચ અને વધુ સારું નિયંત્રણ પુરું પાડે છે.

કહેવાય છે કે, ભારતના ડિજિટલ ધીરાણની સફળતા માત્ર ટેક્નોલોજીથી નિર્ધારિત કરી શકાશે નહીં. આ

ઉમેશ રેવાંકર
એક્ઝિક્યુટિવ વાઈસ-ચેરમેન, શ્રીરામ ફાઈનાન્સ દ્વારા

વ્યવસ્થાઓમાં નવા ધીરાણ લઈ રહેલા વપરાશકર્તાઓને માર્ગદર્શન માટે સક્રીય પ્રયાસો વગર માત્ર એપ આધારિત પ્લેટફોર્મ ઉપર વધુ પડતી નિર્ભરતા નાણાકીય સમાવેશનની ઝડપ ઘટાડી શકે છે. સ્કૂલ વાનનો સંચાલક કેસ કલેક્શનથી QR પેમેન્ટ તરફ વળી રહ્યો છે, ઘરેલું ખાદ્ય ઉદ્યમી સોશિયલ મીડિયાની મદદથી વેચાણ કરી રહ્યો છે અથવા પ્રથમ પેઢીનો વેરહાઉસ સુપરવાઈઝર જે ઔપચારિક ધીરાણ ક્ષેત્રમાં નવો જોવા મળી રહ્યો છે તે તમામ મજબૂત ડિજિટલ ઈતિહાસનું સર્જન કરી શકે છે - તેમ છતાં સતત રોકડ પ્રવાહ, દસ્તાવેજીકરણ લોજિક અથવા રિપેમેન્ટ ઈન્ટરફેસ પર સંઘર્ષ કરે છે. આવા ઋણધારકો માટે, સહાય આપીને સાથે જોડવવું, માનવીય સ્પર્શબિંદુ અને નાણાકીય સાક્ષરતા ઔપચારિક ડિજિટલ ક્રેડિટ ઈકોસિસ્ટમ સાથે જોડવા માટે મહત્ત્વપૂર્ણ સેતુ બની શકે છે. માર્ગદર્શનના આ આવરણ વગર સૈદ્ધાંતિક રીતે ઉપલબ્ધતા વિસ્તરી શકે છે પરંતુ વાસ્તવમાં તે અસમાન રહે છે.

આ ઉદાહરણો દર્શાવે છે કે, શા માટે વિશ્વ બેંક અને IMF જેવી સંસ્થાઓ તેમના તાજેતરના આકલનોમાં ભારતની નાણાકીય ઈકોસિસ્ટમના વિસ્તરણની જેમ સાતત્યપૂર્ણ માનકીકરણ અને ડેટા પ્રવાહની જરૂરિયાત ઉપર ભાર મુકે છે. તેમના અહેવાલો વધુ મજબૂત અને વૈવિધ્યપૂર્ણ નાણાકીય ક્ષેત્રના નિર્માણમાં દેશની પ્રગતિને સ્વીકૃતી આપે છે. આ સંદર્ભમાં, ULI પારદર્શિતા મજબૂત બનાવીને ધીરાણ મૂલ્યાંકન માળખાને એકીકૃત કરીને અને કાર્યકારી મુશ્કેલીઓ ઘટાડીને આ સફર સરળ બનાવે છે, જે નિયમનકારી જરૂરિયાતો દૂર કરતી નથી પરંતુ વધુ સારી ગુણવત્તાના ડેટા મારફતે તેને અસરકારકતામાં વધારો કરે છે.

જોકે ULIનું વાસ્તવિક પરિવર્તન તેની આંતર-કાર્યક્ષમતામાં રહેલું છે. પેમેન્ટ માટે કઈ એપ અથવા બેંકનો વ્યક્તિ UPIનો ઉપયોગ કરે છે તે અસંગત છે તેવી જ રીતે ULI ઋણધારકોને સમગ્ર પ્રક્રિયા ફરી શરૂ કરવાની જરૂરિયાત વગર ધીરાણકર્તાઓનો મુક્તપણે સંપર્ક કરવા માટે સક્ષમ બનાવે છે. મજબૂત ડિજિટલ ફૂટપ્રિન્ટ ધરાવતો ટ્રક સંચાલક થોડી જ મિનિટોમાં સ્વયંત્મક લોન ઓફર મેળવી શકે છે. બહુવિધ પ્લેટફોર્મ મારફતે કમાણી કરી રહેલો ગિગ કામદાર તેમના દસ્તાવેજોમાં રહેલી ખામીના બદલે તેના વાસ્તવિક આવકના પ્રવાહનું મૂલ્યાંકન કરી શકે છે. નાનો વેપારી વધારાની અસ્કયામતોને તારણ પર મુકવાના બદલે તેની GST ગતિવિધીના આધારે ઈન્વેન્ટરી ક્રેડિટ ઊભી કરી શકે છે. આ પ્રકારની સ્વતંત્રતા તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહન આપે છે, કિંમત નિર્ધારણ સુધારે છે અને ખાતરી કરે છે કે ગ્રાહકો તેમની ક્ષમતા પ્રમાણે ઋણ મેળવે જે વાસ્તવિક રીતે તેમની રિસ્ક પ્રોફાઈલ દર્શાવતી હોય.

ધીરાણકર્તાઓ, ખાસ કરીને ગ્રામીણ અને અર્ધશહેરી વિસ્તારોમાં હાજરી ધરાવતી NBFCને ULI વધુ આત્મવિશ્વાસ સાથે વંચિત ઋણધારકો સુધી પહોંચવાની શ્રેષ્ઠતક પુરી પાડે છે. વધુ સારો ડેટા જોખમ અનુમાનમાં વધારો કરે છે. સ્વયંસંચાલિત તપાસ કાર્યકારી તણાવ ઘટાડે છે. સંમતિ-આધારિત શેરિંગ ગ્રાહકો અને સંસ્થા વચ્ચે વિશ્વાસનું નિર્માણ કરે છે. અને જેમ જેમ વધુ ઋણધારકો ઔપચારિક ધીરાણ વ્યવસ્થામાં પ્રવેશે તેમ તેમ તેમની પરત ચુકવણીની વર્તણૂંક ઉપર નજર રાખવી સરળ બને છે, જે ભારતના એકંદર ક્રેડિટ કલ્ચરને વધુ મજબૂત બનાવે છે.

ULI ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની આગામી ચરણની પણ રચના કરે છે. જન ધન, આધાર અને મોબાઈલ કનેક્ટિવિટીએ ઉપલબ્ધતાની ખાતરી આપી છે. UPIએ ભાગીદારી સુનિશ્ચિત કરી છે. ULI હવે ગ્રાહકોને ઋણ માટે પાત્રતા ધરાવવા અને તેમને વધુ કાર્યક્ષમ રીતે સેવા પુરી પાડવા માટે ધીરાણકર્તાઓને સાધનો આપીને ઋણધારકોને વાજબી અવસરો પુરા પાડીને પ્રગતિ સુનિશ્ચિત કરવાની ક્ષમતા ધરાવે છે. એકંદરે, આ ચરણો ભારતના આગામી ચરણની સમાવેશી આર્થિક વૃદ્ધિને ગતિ પુરી પાડી શકે છે.

નાના ઉદ્યમીઓ, ડ્રાઈવર, ખેડૂતો અને પ્રથમ વખત ઋણધારકો સાથે દાયકાઓ વિતાવ્યા બાદ ઉદ્યોગે હવે જોયું છે કે જ્યારે જરૂરિયાત હોય ત્યારે ઋણ ન મળવાના કારણે કેટલી બધી ક્ષમતાઓનો વ્યય થાય છે. ULI આ અંતર દૂર કરી શકે છે. તે ટ્રાન્ઝેક્શન ડેટાને અવસરમાં પરિવર્તિત કરી શકે છે, કાગળ આધારિત પ્રક્રિયાઓ ઉપર નિર્ભરતા ઘટાડે છે અને વ્યક્તિઓ અને નાના વ્યવસાયોને પોતાની ક્ષમતા મુજબ વૃદ્ધિ પામવાની સુવિધા આપે છે.

UPIએ ડિજિટલ ચુકવણીઓને સાવ સરળ બનાવી છે. CLOU જેવી પહેલો ઋણને વધુ ઉપલબ્ધ બનાવી રહ્યું છે. અને ULI તેને સમાન બનાવી શકે છે. જ્યારે ધીરાણ ચુકવણીની જેમ સંઘર્ષરહિત બને છે ત્યારે તેનો પ્રભાવ માત્ર નાણાકીય રહેતો નથી પરંતુ તે ક્રાંતિકારી બની જાય છે. તે આજીવિકા મજબૂત બનાવે છે, હેરફેર ઝડપી બનાવે છે અને લાખો લોકોને ભારતની વિકાસગાથામાં આત્મવિશ્વાસપૂર્ણ રીતે ભાગીદારી માટે સક્ષમ બનાવે છે.

નાણાકીય સમાવેશીતા માટે ભારતની આગામી હરણફાળ નવી યોજના અથવા નવી પ્રોડક્ટ નહીં હોય. તે માત્ર નવું ડિજિટલ ચરણ હોઈ શકે છે - જે એક વખતના UPIની જેમ જ શાંત, ટેક્નિકલ અને અત્યંત શક્તિશાળી હશે. ULI તેવી જ ક્ષમતા ધરાવે છે.